ચોમાસું શરૂ થતાં જ વીજ સંકટ ઘેરાયું: નવસારીના બે વિસ્તારમાં અંધારપટ

વોર્ડ નં.13ના રેલ રાહત કોલોની, દશેરા ટેકરી વિસ્તારના લોકો પરેશાન

નવસારી: નવસારી શહેરના વોર્ડ નં. 13 હેઠળ આવતા રેલ રાહત કોલોની અને દશેરા ટેકરી વિસ્તારમાં અસ્થિર વીજ પુરવઠો સ્થાનિકો માટે માથાનો દુખાવો બન્યો છે.

છેલ્લા કેટલાક સમયથી વારંવાર વીજળી બંધ થવાની ઘટનાઓ વધતાં લોકોના રોજિંદા જીવન પર સીધી અસર પડી રહી છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ, થોડા સમયના વરસાદ કે સામાન્ય ટેક્નિકલ ખામીના કારણે પણ કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાઈ જાય છે. ખાસ કરીને રાત્રિના સમયે વીજળી જતી રહેતાં વૃદ્ધો, બાળકો અને દર્દીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વિદ્યાર્થીઓના અભ્યાસમાં પણ વારંવાર વિક્ષેપ સર્જાઈ રહ્યો છે.

આ સમસ્યાને લઈને વોર્ડના કોર્પોરેટર વિજયભાઈ એમ. રાઠોડે ડીજીવીસીએલના ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે વિસ્તારના લોકો નિયમિત રીતે વીજ બિલની ચૂકવણી કરે છે, છતાં તેમને સંતોષકારક સેવા મળતી નથી. વીજ પુરવઠાની અવારનવાર સર્જાતી ખલેલને કારણે રહીશોમાં ભારે અસંતોષ ફેલાયો છે.

જલાલપોરમાં દોઢ ઇંચ વરસાદ, નવસારીના રસ્તા ધોવાયા

નવસારીના મિથિલાનગરીમાં દર વર્ષે રસ્તાની હાલત ખરાબ થતી હોવાથી કાયમી નિરાકરણ લાવવા માગ

નવસારીઃ નવસારી જિલ્લામાં ચોમાસાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં ખેડૂતો અને નાગરિકોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ખેતી માટે પણ અનુકૂળ વાતાવરણ સર્જાયું છે. બીજી તરફ, શહેરના મિથિલા નગરી વિસ્તારમાં પ્રથમ વરસાદે જ રોડની ગુણવત્તા અને તંત્રની કામગીરી સામે પ્રશ્નાર્થ ઊભો કર્યો છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના આંકડા મુજબ જલાલપોર તાલુકામાં સૌથી વધુ દોઢ ઇંચ વરસાદ નોંધાયો હતો. ઉપરાંત ખેરગામમાં 13 મીમી, નવસારીમાં 11 મીમી, ગણદેવીમાં 6 મીમી, વાંસદામાં 4 મીમી અને ચીખલીમાં 1 મીમી વરસાદ વરસ્યો હતો. વરસાદના પગલે ખેડૂતોમાં વાવણીને લઈ આશાવાદ જોવા મળી રહ્યો છે.

જોકે, મિથિલા નગરી વિસ્તારમાં સામાન્ય વરસાદ બાદ જ રસ્તાઓ પર ખાડાઓ, પાણી ભરાવા અને કાદવની સમસ્યા ઉભી થતાં સ્થાનિકોમાં નારાજગી ફેલાઈ છે. સ્થાનિકોનું કહેવું છે કે દર વર્ષે ચોમાસા દરમિયાન આ જ પરિસ્થિતિ સર્જાય છે, છતાં કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. રોડના કામ પાછળ ખર્ચાતા લાખો રૂપિયાના દાવા વચ્ચે વરસાદના પ્રથમ ઝાપટામાં જ રસ્તાઓની હાલત બગડતા લોકો તંત્ર સામે સવાલો ઉઠાવી રહ્યા છે.

જિલ્લાની નદીઓ અને ડેમોમાં નવા પાણીની આવક શરૂ થઈ છે, જ્યારે હવામાન વિભાગે આગામી 48 કલાક દરમિયાન મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે.

પ્રવેશોત્સવ

ચીખલી તાલુકાની શાળાઓમાં ૪,૦૨૦ ભૂલકાંઓનો પ્રવેશોત્સવ

ઘેજ: ચીખલી તાલુકાની આંગણવાડી, ૭૨ પ્રાથમિક શાળા અને ૧૦ માધ્યમિક શાળામાં પદ્મ મહાનુભવોના વરદ હસ્તે ૪૦૨૦ વિદ્યાર્થીને પ્રથમ દિવસે પાઠ્યપુસ્તક, સ્કુલ બેગ સહિતની શૈક્ષણિક કીટ સાથે શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. ચીખલી તાલુકાની આંગણવાડી કેન્દ્રોમાં નાનાં ભૂલકાંઓના પ્રારંભિક શિક્ષણના શ્રીગણેશ કરાવતા કુલ ૧૨૭ બાળકને આંગણવાડીમાં પ્રવેશ અપાયો હતો. જ્યારે તાલુકાની ૭૨ પ્રાથમિક શાળાઓમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં શરૂ કરાયેલી બાલ વાટિકામાં કુલ ૫૩૭ બાળકએ ઉત્સાહભેર પ્રવેશ લીધો હતો. ધોરણ-૧માં ૬૩૩ વિદ્યાર્થીનું નામાંકન થયું હતું. જેમાં ૮ જેટલા વિદ્યાર્થીઓએ શાળામાં ધોરણ ૧માં સીધો પ્રવેશ લીધો હતો. ચીખલી તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાપ્રાથમિક શિક્ષણ પૂરું કરીને માધ્યમિક સ્તરે પહોંચેલા અને ધોરણ ૯ (માધ્યમિક શાળા)માં કુલ ૧,૬૧૦ વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યાં હતા. આ ઉપરાંત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૧૧ માં કારકિર્દીના મહત્ત્વના વળાંક સમાન ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના પ્રથમ વર્ષ ધોરણ-૧૧ માં ૧,૦૯૯ વિદ્યાર્થીઓએ નવું સત્ર શરૂ કર્યું હતું.

શાળા પ્રવેશોત્સવમાં હાજર કલેક્ટરે ગામડાંના પ્રશ્નો જાણ્યા

સાપુતારા: ડાંગ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. કલેક્ટર એન.ડી.પરમારે પ્રથમ દિવસે આહવા તાલુકાના ભૂરાપાણી અને બારીપાડા ગામે નવાગંતુક બાળકોને શાળા પ્રવેશ કરાવી આ જનઉત્સવનો શુભારંભ કરાવ્યો હતો. શાળા પ્રવેશોત્સવના નિયત કાર્યક્રમ સાથે ડાંગ કલેક્ટરે સંવેદના સાથે પ્રજાભિમુખ અભિગમ અપનાવી ગ્રામજનોના ગ્રામ્ય માર્ગ, ભૂગર્ભ ટાંકો, સાર્વજનિક કૂવો, આંગણવાડી જેવા મુદ્દે ઉપસ્થિત પ્રશ્નો, મૂંઝવણના નિરાકરણની દિશામાં પણ કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન SMC સાથે સંવાદ સાધી કલેક્ટર એન.ડી. પરમારે ગ્રામ્ય બાળકોની લેખન, ગણન, વાંચન કસોટી પણ લીધી હતી. ડાંગ જિલ્લાના આહવા તાલુકાની ભૂરાપાણી શાળાના કાર્યક્રમ દરમિયાન કલેક્ટર સહિતના આગેવાનો રજનીભાઇ વૈષ્ણવ-મામલતદાર સહિત સ્થાનિક પદાધિકારીઓએ છ બાળકોને હર્ષોલ્લાસ સાથે શાળા પ્રવેશ કરાવ્યો હતો. કલેક્ટરે બારીપાડા ખાતે પણ ૯૦ બાળકોનું નામાંકન કરાવી, તેમના ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવી હતી.

ડાંગનાં ભવાનદગડ ગામે જિ.પં.ના પ્રમુખે બાળકોને શાળામાં પ્રવેશ કરાવ્યો

સાપુતારા: રાજ્ય સરકારના શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત ડાંગ જિલ્લાના ભવાનદગડ ગામે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નવપ્રવેશી બાળકોને શાળામાં દાખલ કરી તેમના ઉજ્જવળ શૈક્ષણિક ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ ગામીત ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ચિરાગ જોષી, ભવાનદગડ ગામના સરપંચ કિશોરભાઈ ગાવીત, ઉપસરપંચ પ્રકાશભાઈ મુરા, શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ વસંતભાઈ વાડુ, સરકારી માધ્યમિક શાળાના આચાર્ય રાજેશભાઈ કામડી, ભવાનદગડ પ્રાથમિક શાળાના આચાર્ય લીલાબેન પટેલ તેમજ નિવૃત્ત શિક્ષક કિશનભાઈ ચોર્યા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે નવપ્રવેશી બાળકોને શૈક્ષણિક કિટ, પાઠ્યપુસ્તકો અને અભ્યાસલક્ષી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોને તિલક કરી, ફૂલહાર પહેરાવી અને મીઠાઈ આપી શાળામાં આવકારવામાં આવ્યા હતા.

ડાંગના ડીડીઓએ છાત્રોને પ્રેરણા આપી

સાપુતારા: શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ડાંગ જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી.તબિયારે આશ્રમ વિદ્યાલય આહવા, ગોંડલવિહિર તથા બોરખેત ગામની મુલાકાત લઈ નવા પ્રવેશ પામતા બાળકોને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારીએ બાળકોને નિયમિત રીતે શાળાએ આવવા, મન લગાવી અભ્યાસ કરવા તથા શિક્ષણ દ્વારા ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમ દરમિયાન તાલુકા પંચાયત સદસ્ય નયનાબેન પટેલ, આહવા, ગોંડલવિહિર તથા બોરખેત ગામના સરપંચ, જનપ્રતિનિધિઓ, શિક્ષણ વિભાગના અધિકારીઓ, શિક્ષકો, વાલીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગણદેવી ડી.આઈ.કે. કન્યા વિદ્યાલયમાં કન્યા કેળવણી, પ્રવેશોત્સવ

બીલીમોરા: ગણદેવી ડી.આઈ.કે. કન્યા વિદ્યાલયમાં મંગળવાર સવારે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે શાળામાં નવા પ્રવેશ મેળવનાર ધો.૯ અને ધો.૧૧ની કુલ ૧૬૨ વિદ્યાર્થિનીઓને શૈક્ષણિક કિટ અર્પણ કરી પ્રવેશ અપાયો હતો. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રમતગમત ક્ષેત્રે રાજ્યકક્ષા સુધી સિદ્ધિ મેળવી શાળાનું નામ રોશન કરનાર ૧૦ વિદ્યાર્થીનીઓ તેમજ માર્ચ-૨૦૨૬ ની એસ.એસ.સી. અને એચ.એસ.સી. બોર્ડ પરીક્ષામાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર અને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ રીપલબેન ચૌધરી દ્વારા વિદ્યાર્થીનીઓને શિક્ષણનું મહત્ત્વ સમજાવતું ઉદબોધન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રીપલબેન ચૌધરી, ગણદેવી નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રાચીબેન દોશી, નગરપાલિકાના પ્રમુખ અનિતાબેન ભંડારી, ઉપપ્રમુખ રાજુભાઈ પટેલ, હિરલબેન નાયક, વિનોદભાઈ કટારિયા, દર્શનાબેન દેસાઈ, મનીષાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે સર સી.જે. ન્યુ હાઈસ્કૂલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી સિદ્ધાર્થભાઈ દેસાઈ અને ટ્રસ્ટી અરવિંદભાઈએ શાળાના આચાર્ય મિતલબેન દેસાઈ તથા સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

વાડમાં ગોચરની જમીનમાં 'લો કોલેજ સ્થાપવા સામે વિરોધ

માંગ સંતોષવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનની પશુપાલકોની ચીમકી

ખેરગામ: ખેરગામ તાલુકાના વાડ ગામે ગોચર સરકારી જમીન પર પ્રસ્તાવિત લો કોલેજની સ્થાપના સામે સ્થાનિક ગ્રામજનો અને પશુપાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે વાડ ગામના પશુપાલકો અને ખેડૂતોએ એકત્ર થઈ ખેરગામના મામલતદારને લેખિતમાં સખત વાંધા અરજી સુપરત કરી છે અને કોલેજની સ્થાપના અટકાવવા માંગ કરી છે.

ગ્રામજનોએ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, વાડ ગામના ખાતા નં.૬૮૫ અને બ્લોક નં.૨૨૫ વાળી જમીન વર્ષોથી ગોચર તરીકે અનામત રાખવામાં આવી છે. છેલ્લાં ૧૦૦ વર્ષ કરતાં વધુ સમયથી બાપ-દાદાઓના વખતથી ગામના પશુપાલકો ગાય, ભેંસ અને બકરાં જેવાં દૂધાળા પશુઓને આ જમીન પર ચરાવીને પોતાની આજીવિકા મેળવે છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે, પ્રસ્તાવિત ગોચરની આજુબાજુ આદિવાસીઓની (૭૩એએ) ખેતીવિષયક જમીનો આવેલી છે, જે પણ તેમનું એકમાત્ર આજીવિકાનું સાધન છે. આ કારમી મોંઘવારીના સમયમાં જો ગોચરની જમીન કોલેજ જેવી સંસ્થાને ફાળવી દેવામાં આવશે, તો પશુઓ માટે ઘાસચારો મેળવવો અશક્ય બની જશે.

મંત્રીએ કહ્યું, 'તમે ભાગ્યશાળી છો તમને પૂરતા શિક્ષકો મળ્યા'

ડાંગના પિપલાઇદેવી અને લવચાલી ગામે પ્રવેશોત્સવ ઉજવાયો

સાપુતારા: રાજ્યભરમાં આજથી કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬ પ્રારંભ થયો છે, ત્યારે પ્રથમ દિવસે જળ સંસાધન અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલે ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ સુબીર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પિપલાઇદેવી અને લવચાલી શાળામાં ભૂલકાંઓ, વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવી તેમને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. ઈશ્વરસિંહ પટેલે લવચાલી ગામે પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના સંયુક્ત શાળા પ્રવેશ કાર્યક્રમમાં બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો.

આ પ્રવેશ કાર્યક્રમમાં બાલવાટીકા-આંગણવાડી, ધોરણ-૧, ધોરણ-૬ અને ધોરણ-૯ ભૂલકાં, વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી નામાંકન કરાવ્યુ હતું.આ કાર્યક્રમ દરમિયાન પરીક્ષામાં તેમજ શાળામાં શિક્ષણ અને વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામા આવ્યા હતા. અહીંની શાળામાં તમામ સુવિધાઓ અને સાથે શિક્ષકો મળ્યા છે, એ માટે તમે ભાગ્યશાળી રહ્યા છો તેમ ઇશ્વર પટેલે કહ્યું હતું.

જિલ્લા શિક્ષણાધિકારી જિગ્નેશ ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે પાણી પુરવઠા અધિકારી રાજ પટેલ, સુબીર તાલુકા પંચાયત ઉપપ્રમુખ રઘુનાથ સાવલે, લાયઝન અધિકારી રીતેશ પટેલ, સરપંચ, શાળાના પ્રિન્સિપાલ, શિક્ષકો, વાલીઓ, ગ્રામજનો વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

ગૌવંશના મૃતદેહો ફેંકવાના મામલે નવસારી મનપા દ્વારા તપાસ શરૂ

મૃતદેહોને આવી રીતે જાહેરમાં ફેંકી જનારાને છોડાશે નહીં: મ્યુ. કમિ. ઉપાધ્યાય

નવસારી: નવસારી શહેરના સોલિડ વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ પાછળ ગૌવંશના મૃતદેહો ફેંકવામાં આવ્યા હોવાના ગંભીર મામલાએ શહેરમાં ભારે ચર્ચા જગાવી છે. મીડિયા દ્વારા આ ઘટના પ્રકાશમાં આવતા નવસારી મહાનગરપાલિકા તંત્ર સક્રિય બન્યું છે અને સમગ્ર મામલાની ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ગૌવંશના મૃતદેહોના ગેરકાયદે નિકાલની ઘટનાને મહાનગરપાલિકા કમિશનર જયેશ ઉપાધ્યાયે ગંભીરતાથી લીધી છે. તેમણે તાત્કાલિક સંબંધિત વિભાગના અધિકારીઓને સ્થળ તપાસના આદેશ આપ્યા છે અને સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી છે. તપાસ દરમિયાન મૃતદેહો ત્યાં કેવી રીતે પહોંચ્યા, કોણ જવાબદાર છે અને તેમાં કોઈ કોન્ટ્રાક્ટર અથવા અન્ય વ્યક્તિની સંડોવણી છે કે નહીં તે સહિતના મુદ્દાઓની ચકાસણી કરવામાં આવી રહી છે.

પ્રાથમિક તપાસમાં જે કોઈ વ્યક્તિ કે સંસ્થા જવાબદાર હોવાનું સામે આવશે તેમની સામે પોલીસ ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. કમિશનરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, જાહેર આરોગ્ય અને સ્વચ્છતા સાથે ચેડાં કરનારાઓને કોઈપણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં અને દોષિતો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટના પ્રકાશમાં આવતા સ્થાનિકોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. નાગરિકોનું કહેવું છે કે ગૌવંશના મૃતદેહો ખુલ્લામાં ફેંકાતા દુર્ગંધ, ચેપજન્ય રોગો અને પર્યાવરણને નુકસાન થવાનો ભય ઊભો થયો છે. લોકો દ્વારા જવાબદારો સામે દાખલારૂપ કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે.

યુવા નેતૃત્વ તાલીમ શિબિરમાં ડાંગ જિલ્લાના 30 યુવા હૈયા ભાગ લેશે

સાપુતારા: જિલ્લા કક્ષા યુવા નેતૃત્વ તાલીમ શિબિર માટે ડાંગ જિલ્લાના યુવક-યુવતીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. જિલ્લા યુવા વિકાસ અધિકારી, આહવા-ડાંગ દ્વારા સંચાલિત આ તાલીમ શિબિરનો મુખ્ય હેતુ ૧૫થી ૩૫ વર્ષની વયના યુવક-યુવતીઓમાં નેતૃત્વ ક્ષમતાનો વિકાસ કરવાનો છે.શિબિરમાં ડાંગ જિલ્લામાંથી કુલ ૩૦ યુવક-યુવતીઓની પસંદગી કરવામાં આવશે. રસ ધરાવતા યુવક-યુવતીઓએ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, આહવા-ડાંગનો સંપર્ક કરી અરજીપત્રક મેળવી અરજી કરી તા. ૨૯ જૂન સુધીમાં પહોંચતી કરવાની રહેશે.

વિદ્યાર્થિનીને ભગાડી જનારો છોટાઉદેપુરથી પકડાયો

લગ્નની લાલચે અવારનવા શરીર સંબંધ બાંધ્યો

ઘેજ: ચીખલી તાલુકાના એક ગામની પાંચેક દિવસ પૂર્વે સ્કૂલે જવાનું કહી ગુમ થયેલી સગીરાને પોલીસે છોટાઉદેપુરથી શોધી કાઢી ભગાડી જનાર યુવકની અટકાયત કરી પોક્સો એક્ટની જોગવાઈ મુજબ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી હતી.

તાલુકાના એક ગામની ૧૬ વર્ષીય સગીરા ૧૮ જૂનના રોજ ઘરેથી સ્કૂલે જવાનું કહી નીકળી ગયા બાદ પરત ન આવતા પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી, જેમાં સગીરાને પોલીસે છોટાઉદેપુર જિલ્લામાંથી શોધી કાઢી હતી. આ સગીરા પોતાના પરિવાર સાથે વલસાડના એક પાર્કમાં ફરવા જતાં ત્યાં કામ કરતાં છોટાઉદેપુર જિલ્લાના અજીત નામના યુવક સાથે ઓળખાણ થઈ હતી અને ત્યારબાદ ફોન પર વાતચીત શરૂ થઈ હતી અને પ્રેમ સંબંધ બંધાયો હતો. બાદમાં લગ્ન કરવાનું કહેતા તે ચીખલી ડેપો પર લેવા આવ્યો હતો અને ત્યાંથી બસમાં સુરત અને ત્યાંથી વડોદરા જઈ પાવાગઢ ફરવા ગયા હતા અને ૨૧મીના રોજ છોટાઉદેપુર જિલ્લાના પાવી જેતપુર તાલુકાના વાંકોલ ગામે તેના ઘરે લઈ જઈ ત્યાં રાત રોકાયા હતા.

આ દરમિયાન યુવકે તેની સાથે શારીરિક સંબંધો પણ બાંધ્યા હતા. આ દરમિયાન બીજા દિવસે પોલીસે યુવકના ઘરેથી સગીરાનો કબ્જો લઈ લગ્નની લાલચ આપી અવારનવાર શારીરિક સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોવાની હકીકત બહાર આવતા પોલીસે અજીત નવીનભાઈ રાઠવાની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પેપર લીક સામે કોંગ્રેસનું 'છાત્ર ગુંજ' અભિયાન

નવસારી જિલ્લા કોંગ્રેસે પેપર લીક થતાં અટકાવવા માટે કાયદો બનાવવાની માગ કરી

નવસારી: પેપર લીક, પરીક્ષા કૌભાંડો અને શિક્ષણમાં વધતા ખર્ચ સામે કોંગ્રેસ દ્વારા રાજ્યવ્યાપી 'છાત્ર ગુંજ' કાર્યક્રમ યોજવામાં આવશે. નવસારી જિલ્લા કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યું હતું કે, છેલ્લાં કેટલાક વર્ષોમાં વારંવાર પેપર લીકના બનાવોને કારણે લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં થયા છે.

કોંગ્રેસના જણાવ્યા મુજબ, NEET સહિત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ ભારે આર્થિક ખર્ચ કરે છે, છતાં પેપર લીક અને પરીક્ષા કૌભાંડોના કારણે તેમની મહેનત પર પાણી ફરી વળે છે. જેના કારણે વિદ્યાર્થીઓમાં માનસિક તણાવ અને નિરાશા વધી રહી છે. રાહુલ ગાંધીના માર્ગદર્શન હેઠળ યોજાનાર 'છાત્ર ગુંજ' કાર્યક્રમ દ્વારા જિલ્લા કક્ષાએ વિદ્યાર્થીઓના પ્રશ્નોને વાચા આપવામાં આવશે તેમજ પેપર લીક અટકાવવા કડક કાયદો અને જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં

સંક્ષિપ્ત સમાચાર

વાપી આર.કે. દેસાઈ સાયન્સ કોલેજની વિદ્યાર્થિનીએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો

વાપી: વાપી આર.કે. દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટ સંચાલિત આર. કે. દેસાઇ કોલેજ ઓફ સાયન્સ અંતર્ગત એસ.વાય. બી.એસ.સી સેમેસ્ટર -4માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની પાંચાલ આયશાએ એપ્રિલ 2025-26માં લેવાયેલ યુનિવર્સિટી પરીક્ષામાં ઇનઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં સૌથી વધુ ગુણ પ્રી યુનિવર્સિટી ખાતે ગોલ્ડ મેડલ મેળવ્યો છે. આ વિષય પ્રા. સુષ્મા ગવઇ, પ્રા. સાલિની અગ્રવાલ અને પ્રા. પ્રતિક સોલંકી દ્વારા ભણવામાં આવ્યો હતો.ે આ ગૌરવશાળી સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઇ, કેમ્પસ ડિરેક્ટર ડો. મિત્તલ શાહ, ઈનચાર્જ આચાર્ય પ્રા. સુરભી ચૌધરી, કેમિસ્ટ્રી વિભાગના હેડ પ્રા. સુષ્મા ગવઇ તેમજ કોલેજ પરિવારના સર્વે પ્રાધ્યાપકોએ આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યાં હતાં.

દેગામના યુવાનનો ઝેરી દવા પી આપઘાત

ઘેજ: ચીખલીના દેગામ ગામના શખ્સે ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર દેગામ નવા ફળિયા ખાતે રહેતા હિતેશ સુમનભાઈ પટેલ (ઉ.વ.૩૫) ગત ૨૦ જૂનના રોજ બપોરના સમયે પોતાના ઘરની બાજુમાં આવેલા ખેતરમાં પેરકો નામની ઝેરી દવા પી લેતાં પ્રથમ ચીખલીની સરકારી હોસ્પિટલ જ્યારે વધુ સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચણોદમાં બાઈક ચોરનાર છીરીથી ઝડપાયો

વાપી: દોઢેક મહિના પહેલાં વાપીના ચણોદ ચંદ્રલોક બિલ્ડિંગના કંપાઉન્ડમાં પાર્ક કરેલી બાઈકની ચોરી થઈ હતી. આ પ્રકરણમાં એલસીબી ટીમે બાઈક ચોરી કરનારને વાપી છીરી, રામનગરથી ઝડપી પાડ્યો હતો અને નામઠામ પૂછતા આશીતોષ ઉર્ફે શિવા ઉર્ફે શિવરાજ વિશંબેર સરયુ શાહી (ઉ.વ.36, રહે., છીરી સ્થિત ચાલી, વાપી) હોવાનું જણાવ્યું હતું. ચોરેલી બાઈક તેને વાપી ટાઉન કચીગામ રોડ તપોવન બિલ્ડિંગના પાર્કિંગમાં મૂકી હતી. આશીતોષ સામે વાપી જીઆઈડીસી પોલીસ મથકમાં જ વિવિધ કલમો હેઠળ 4 ગુના નોંધાયેલા છે. પોલીસે બાઈક રીકવર કરી હતી.

ડુંગરી રેલવે સ્ટેશન નજીક ટ્રેન અડફેટે અજાણ્યાનું મોત

બીલીમોરા: બીલીમોરા રેલવે આઉટ પોસ્ટ પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ તા.૨૩/૬/૨૦૨૬ની ઢળતી સાંજે ડુંગરી રેલવે સ્ટેશન પાસે ટ્રેનની અડફેટે એક ૪૫થી ૫૦ વર્ષનો અજાણ્યો પુરુષ આવી જતાં તેનું માથું ફાટી જતાં તેનું મોત નીપજ્યું હતું.

બલીઠા પાસે નાકાબંધી જોઈ દારૂ ભરેલી કાર છોડી ચાલક ભાગી છૂટ્યો

વાપી: વાપી વિસ્તારમાં એલસીબી ટીમે બલીઠા ને.હા.નં.48, રેલવે ઓવરબ્રિજ પરથી એક કાર પસાર થતી હોય જેની ઉપર શંકા જતાં તેને રોકવાનો ઈશારો કર્યો તો કારચાલક સર્વિસ માર્ગ ઉપર વાહન ઊભું રાખી ભાગી છૂટ્યો હતો. કારમાં તપાસ કરતાં કિંમત 4,42,800નો દારૂ મળી આવ્યો હતો. પોલીસે કુલ કુલ રૂ.10,42,800નો મુદ્દામાલ કબજે કરી વાપી ઉદ્યોગનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.